(1) 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ IMF દ્વારા બહાર પાડવામાં આવે છે.
(2) આ રિપોર્ટ મુજબ ભારતનો વૃદ્ધિદર વર્ષ 2021 માટે 7.4% રહેશે.
(3) ચીનનો વૃદ્ધિ દર વર્ષ 2021 માટે 9.2% રહેશે.
(4) વૈશ્વિક લોકડાઉન તથા COVID-19ના પરિણામે વર્ષ 2020 અને 2021માં વિશ્વને 9 ટ્રિલિયન ડોલરનું નુકશાન થશે.

(A) માત્ર (1)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં IMF (ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ) દ્વારા વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટના મુખ્ય તારણો નીચે મુજબ છે :

- COVID-19 અને લોકડાઉનના પરિણામે વૈશ્વિક આઉટપુટમાં 3%નો ઘટાડો થશે. આ ઘટાડો 2008-09ની મંદી કરતાં પણ વધુ ખરાબ હશે.
- ભારતનો વૃદ્ધિ દર 2020 માટે 1.9% તથા 2021 માટે 7.4% રહેશે.
- ચીનનો વૃદ્ધિ દર 2020 માટે 1.2% અને 2021 માટે 9.2% રહેશે.
- યુ.એસ.નો વૃદ્ધિ દર 2020માં 5.9% જેટલો ઘટશે અને તેનો વૃદ્ધિ દર 2021 માટે 4.7% જેટલો રહેશે.
- આ સમસ્યાના કારણે વૈશ્વિક GDPGને 2020 અને 2021માં કુલ 9 ટ્રિલિયન ડોલર જેટલું નુકશાન થશે. (આથી, વિધાન (2), (3) અને (4) સાચાં છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**(2) આસીઆન (ASEAN) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તાજેતરમાં સિંગાપોરની અધ્યક્ષતામાં આસીઆનની ઓનલાઈન પરીષદનું આયોજન કરવામાં આવ્યું હતું.
(2) આસીઆનની સ્થાપના 'બેંગકોક ડિકલેરેશન' હેઠળ કરવામાં આવી હતી.
(3) આસીઆનની ચેરમેનશીપ દર બે વર્ષે બદલાતી રહે છે.
(4) વિયેતનામ અને મ્યાનમાર આસીઆનના સ્થાપક સભ્યો છે.

(A) માત્ર (2)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આસીઆન (ASEAN-Association of Southeast Asian Nations)ની ઓનલાઈન પરીષદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિયેતનામ અધ્યક્ષપદે હતું. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ દરમિયાન વિયેતનામે કોરોના વાયરસ માટે એક ઈમરજન્સી ફંડ સ્થાપવાની ભલામણ કરી હતી.

⇛ આસીઆનની સ્થાપના 8 ઓગસ્ટ, 1967ના રોજ બેંગકોકમાં આસીઆન ડિકલેરેશન હેઠળ કરવામાં આવી હતી. આસીઆન ડિકલેરેશનને બેંગકોક ડિકલેરેશન પણ કહે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સ્થાપના દરમિયાન 5 સ્થાપક સભ્યો હતા : ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર અને થાઈલેન્ડ. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ ત્યારબાદ અન્ય 5 સભ્યો જોડાયા હતા : બ્રુનેઈ, કમ્બોડીયા, મ્યાનમાર, વિયેતનામ અને લાઓસ.

⇛ આસીઆનની ચેરમેનશીપ દર વર્ષે સભ્યો વચ્ચે ફરતી રહે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) 'ઓરી' (Measles) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે બેક્ટેરિયા દ્વારા થતો રોગ છે.
(2) તે ખૂબ જ ચેપી રોગ છે.
(3) વિટામીન Bની ખામી ધરાવતાં બાળકોને આ રોગ થવાની શક્યતા વધુ છે.
(4) તેની રસી ઉપલબ્ધ હોવા છતાં દર વર્ષે મોટી સંખ્યામાં બાળકો મૃત્યુ પામે છે.

(A) માત્ર (1) અને (3) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ COVID-19ના કારણે ઓરીના રસીકરણમાં વિશ્વના ઘણાં દેશોમાં અડચણ આવી રહી છે. કારણ કે, મોટા ભાગના આરોગ્ય કાર્યકર્તાઓ COVID-19ના કાર્યોમાં વ્યસ્ત છે.
⇛ ઓરી એ ખૂબ જ ચેપી વાયરલ (વાયરસ દ્વારા થતો) રોગ છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)
⇛ આ રોગ ચેપી માણસના નાક, મોં કે ગળામાંથી નીકળતાં પ્રવાહી–છાંટાઓ દ્વારા ફેલાય શકે છે.
⇛ આ રોગના સામાન્ય લક્ષણો ચેપ લાગ્યાના 10 થી 12 દિવસમાં દેખાય છે. સામાન્ય લક્ષણોમાં તાવ, શર્દી, લાલ આંખો અને મોંઢામાં સફેદ ધબ્બા દેખાય છે.
⇛ આ રોગના ગંભીર લક્ષણોમાં અંધ થવું, એન્સેફેલાઈટીસ, ખૂબ જ વધુ પ્રમાણમાં ઝાડા, ડિહાઈડ્રેશન અને ન્યુમોનિયા પણ થઈ શકે છે.
⇛ આ રોગની રસી 1960ના દશકથી વપરાશમાં છે. આમ છતાં, વર્ષ 2018માં ઓરીના કારણે 1,40,000 બાળકોના મૃત્યુ થયા હતા. (આથી, વિધાન (4) સાચું છે.)
⇛ આ રોગ ઓછાં પોષકતત્ત્વો અને ખાસ કરીને વિટામીન Aની ખામી ધરાવતાં બાળકોમાં થવાની શક્યતા વધુ હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) 'સર્વે ઓફ ઈન્ડિયા' સંસ્થા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે કોમર્સ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
(2) તે ભારતનો સૌથી જૂનો વૈજ્ઞાનિક વિભાગ છે.
(3) તેનું વડું મથક દહેરાદુનમાં આવેલું છે.
(4) તાજેતરમાં સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા સહયોગ એપ્લિકેશન વિકસાવવામાં આવી છે.

(A) માત્ર (1) અને (4) (B) માત્ર (1)
(C) માત્ર (2), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 'સર્વે ઓફ ઈન્ડિયા' નામની સંસ્થા દ્વારા 'સહયોગ' નામની એક મોબાઈલ એપ્લિકેશન બનાવવામાં આવી છે. આ એપ્લિકેશન લોકેશન તથા જીઓટેગ (Geotag) આધારિત માહિતી એકત્ર કરશે જેથી સરકાર અને જાહેર આરોગ્ય સંસ્થાઓને યોગ્ય નિર્ણય લેવામાં મદદ મળે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ 'સર્વે ઓફ ઈન્ડિયા' વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેની સ્થાપના ઈ.સ. 1767માં કરવામાં આવી હતી અને તે ભારતનો સૌથી જૂનો વૈજ્ઞાનિક વિભાગ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનું વડુંમથક ઉત્તરાખંડના દહેરાદુનમાં આવેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) 'સિયાચીન દિવસ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) દર વર્ષે 13 એપ્રિના રોજ સિયાચીન દિવસ ઉજવવામાં આવે છે.
(2) આ દિવસ ઉજવવાનું કારણ "ઓપરેશન વિજય" છે.
(3) સિયાચીન એ વિશ્વનું સૌથી ઊંચું તથા સૌથી ઠંડુ રણમેદાન છે.
(4) ભારતે વર્ષ 1984માં સંપૂર્ણ સિયાચીન ગ્લેશિયર પર કબ્જો કર્યો હતો.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (2)
(D) આપેલ પૈકી એકપણ નહિ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ દર વર્ષે 13 એપ્રિલના રોજ 'ભારતીય સેના' દ્વારા સિયાચીન દિવસ ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દિવસ ભારતીય સૈન્ય દ્વારા 'ઓપરેશન મેઘદૂત'માં બતાવવામાં આવેલ શૌર્ય બદલ ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઉપરાંત સિયાચીનમાં સ્થિત વર્તમાન જવાનોને બિરદાવવા માટે પણ આ દિવસ ઉજવવામાં આવે છે.

⇛ સિયાચીન એ વિશ્વનું સૌથી ઊંચું અને ઠંડુ રણમેદાન છે કે જેની રક્ષા ભારતીય સેના કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતે 13 એપ્રિલ, 1984ના રોજ 'ઓપરેશન મેઘદૂત' હેઠળ સિયાચીન ગ્લેશિયર કબ્જે કર્યું હતું. આ ઓપરેશનની આગેવાની લેફ્ટનન્ટ જનરલ પ્રેમનાથ હુન દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT